Upload MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 26-12-2024-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-12-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.**

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવી દિલ્હીમાં 17 બાળકોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યાં
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વીર બાળ દિવસની ઉજવણી પ્રસંગે સુપોષિત ગ્રામપંચાયત અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
3) ગ્રામીણ ઘરોમાં 100 ટકા પાઈપથી પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવનારું પંજાબ દેશનું પાંચમું રાજ્ય બન્યું.
4) પ્રખ્યાત મલયાલમ લેખક અને ફિલ્મનિર્માતા એમ. ટી. વાસુદેવન નાયરનું 91 વર્ષની વયે અવસાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દુઃખવ્ય ક્ત કર્યું
5) ક્રિકેટમાં, ઑસ્ટ્રેલિયાના મેલબર્ન ખાતે રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે 6 વિકેટે 311 રન નોંધાવ્યા છે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PRESIDENT BAL PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં 17 બાળકોને તેમની વિશેષ સિદ્ધિઓ બદલ સાત શ્રેણીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યાં હતાં. ચૌદ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના આ બાળકોને કળા અને સંસ્કૃતિ, વીરતા,

નવીનતા, વિજ્ઞાન અને ટૅક્નૉલોજી, સામાજિક સેવા, રમતગમત અને પર્યાવરણ ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓ બદલ આ સન્માન અપાયું છે. પુરસ્કાર વિજેતઓને ચંદ્રક, પ્રમાણપત્ર અને પ્રશસ્તિ પુસ્તિકા આપવામાં આવી હતી. બાળકોને શુભેચ્છાઓ પાઠવતા શ્રીમતી મુર્મૂએ કહ્યું કે, તેમની સિદ્ધિઓ દેશના નાગરિકોને પ્રેરણા પૂરી પાડશે.

(બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

વીર બાળ દિવસ નિમિત્તે યોજાયેલા આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સાહિબઝાદાઓની વીરતા અને બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું કે, સિખોના દસમા ગુરુ ગુરુ ગોવિંદ સિંહજીના યુવાન પુત્રોના બલિદાન અને સાહસ પ્રત્યે સન્માન વ્યક્ત કરવા દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## PM VEERBAL DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીર બાળ દિવસ નિમિત્તે સાહિબઝાદોના બલિદાન અને વીરતાને યાદ કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, નાની ઉંમરમાં જ સાહિબઝાદે પોતાના વિશ્વાસ અને સિદ્ધાંતો પર અડગ રહ્યા. તેમણે પોતાના સાહસથી પેઢીઓને પ્રેરણા પૂરી પાડી છે. શ્રી મોદીએ કહ્યું, તેમના બલિદાન, વીરતા અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા એ ઉત્તમ ઉદાહરણ છે.

પ્રધાનમંત્રીએ માતા ગૂજરી અને શ્રી ગુરુગોવિંદ સિંહજીની વીરતાનું પણ સ્મરણ કરતાં કહ્યું, તેઓ લોકોને ન્યાયી અને દયાળુ સમાજના નિર્માણની દિશામાં હંમેશા માર્ગદર્શન આપશે.

## PM---VEER-BAAL-DIWAS.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વીર બાળ દિવસની ઉજવણી પ્રસંગે સુપોષિત ગ્રામ પંચાયત અભિયાનનો પ્રારંભ કરાવ્યો. જેનો

ઉદેશ્ય પોષણ સંબંધિત સેવાઓના સુદઢ અમલીકરણ અને સક્રિય સમુદાયની ભાગીદારીને સુનિશ્ચિત કરીને સુખાકારીમાં વધારો કરવાનો છે.

આ કાર્યક્રમમાં અંદાજે ત્રણ હજાર 500 બાળકો અને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતાઓ અને મહાનુભાવો ઉપસ્થિત છે. વીર બાળ દિવસના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા અને દેશ પ્રત્યે સમર્પણની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સમગ્ર દેશમાં વિવિધ પહેલો પણ ચલાવવામાં આવશે. જેમાં **MyGov** અને **My Bharat** પોર્ટલ દ્વારા પ્રશ્નોત્તરી સહિતની શ્રેણીબદ્ધ ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન કરાશે.

શાળાઓ, બાળ સંભાળ સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં વાર્તા કહેવા, રચનાત્મક લેખન, પોસ્ટર બનાવવા જેવી રસપ્રદ પ્રવૃત્તિઓ હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રીએ વર્ષ 2022 માં, ગુરુ ગોવિંદ સિંહજીના પુત્રોના બલિદાનના સન્માનમાં 26મી ડિસેમ્બરને વીર બાળ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

## PUNJAB ACHIEVES WATER SUPPLY

પંજાબના પાણી પૂરવઠા અને સ્વચ્છતા મંત્રી હરદીપસિંહ મુંડિયાને કહ્યું કે,પંજાબ દેશનું પાંચમું એવું રાજ્ય બન્યું છે, જેણે ગ્રામીણ ઘરોમાં 100 ટકા પાઈપથી પાણી પૂરવઠાની સુવિધા ઉપલબ્ધ કરાવી છે.

કેન્દ્ર સરકારની યોજના ‘હર ઘર જલ’ અંતર્ગત આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. તેમણે કહ્યું, રાજ્યના એક હજાર 706 ગામમાં પાણીની અછતને દૂર કરવા 2 હજાર 174 કરોડ રૂપિયાના ખર્ચથી 15 મુખ્ય નહેર જળ પરિયાજનાઓ ચાલી રહી છે. આ પરિયોજનાઓથી અંદાજે 25 લાખ વસતિ અને ચાર લાખ પરિવારોને પીવાનું શુદ્ધ પાણી મળશે. શ્રી સિંહે કહ્યું, સ્વચ્છ ભારત અભિયાન ગ્રામીણ અંતર્ગત રાજ્યના તમામ ગામે ખૂલ્લામાં શૌચથી મુક્ત- ઓડીએફ ગામનો દરજ્જો પણ હાંસલ કર્યો છે.

## SWAMITVA CARD - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સ્વામિત્વ યોજના હેઠળ 58 લાખથી વધુ સંપતિકાર્ડનું વિતરણ કરશે. આ કાર્યક્રમમાં છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, રાજસ્થાન, પંજાબ, ઉત્તર પ્રદેશ એમ 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના અંદાજે 50 હજાર ગામડાઓમાં આ સંપતિ કાર્ડનું વિતરણ કરાશે.

ઉપરાંત અનેક મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, પંચાયતના પ્રતિનિધિઓ અને હિતધારકો પણ વર્ચ્યૂઅલ રીતે ઉપસ્થિત રહેશે. સંપત્તિ કાર્ડના પ્રાદેશિક વિતરણ સમારોહની દેખરેખ માટે લગભગ 13 કેન્દ્રીય મંત્રીઓ દેશભરમાં નિર્ધારિત સ્થળોએથી પ્રત્યક્ષ  રીતે જોડાશે.

# SHAHEED UDHAM SINGH ANNIVERSARY

ક્રાંતિવીર શહીદ ઉધમસિંહજીની આજે 125મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશ તેમને યાદ કરી રહ્યો છે. વર્ષ 1899માં જન્મેલા આ મહાન ક્રાંતિકારીએ પંજાબના તત્કાલીન લેફ્ટનન્ટ ગવર્નર માઈકલ ઓ'ડ્વાયરની હત્યા કરીને જલિયાવાલા બાગ હત્યાકાંડનો બદલો લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, અંગ્રેજોની કસ્ટડીમાં, તેમણે ભારતના ત્રણ મુખ્ય ધર્મો અને તેમની સંસ્થાનવાદ વિરોધી ભાવનાઓનું પ્રતિનિધિત્વ કરતા 'રામ મોહમ્મદ સિંહ આઝાદ' નામનો ઉપયોગ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક સોશિયલ મીડિયા સંદેશમાં અમર શહીદ સરદાર ઉધમસિંહજીને શ્રદ્ધાંજલિ આપી. શ્રી શાહે લખ્યું કે, તેઓ જલિયાંવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા ઈંગ્લેન્ડ ગયા અને અત્યાચારી બ્રિટિશ સરકારને પાઠ ભણાવનારા ઉધમસિંહજી દેશભક્તો માટે પ્રેરણારૂપ બન્યા. સરદાર ઉધમસિંહજીનું જીવન આપણને યુગો સુધી દેશના કલ્યાણ માટે પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા આપતું રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## PREZ. PM NAIR

પ્રખ્યાત મલયાલમ લેખક અને ફિલ્મનિર્માતા એમ.ટી. વાસુદેવન નાયરનું ગઈકાલે રાત્રે 91 વર્ષની વયે અવસાન થયું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ તેમના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. રાષ્ટ્રપતિએ એક  સોશિયલ મીડિયાને સંદેશમાં લખ્યું કે, એમ. ટી. વાસુદેવન નાયરના લખાણમાં ગ્રામીણ ભારતનું આબેહૂબ નિરૂપણ જોવા મળતું હતું. શ્રી નાયરને અનેક પ્રતિષ્ઠિત સાહિત્યિક પુરસ્કારોથી સન્માનિત કરાયા હતા અને તેમણે ફિલ્મોમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ધનખડે જણાવ્યું કે તેમની કૃતિઓ જોવા મળતું ગ્રામીણ ભારતનું આબેહૂબ નિરૂપણ દેશના સાહિત્યિક અને સિનેમેટિક વારસાને સમૃદ્ધ બનાવે છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પર એક સંદેશમાં લખ્યું કે, એમ. ટી. વાસુદેવન નાયર મલયાલમ સિનેમા અને સાહિત્યના સૌથી વધુ સન્માનનીય વ્યક્તિ હતા. તેમની કૃતિઓમાં માનવીય ભાવનોઓનું સશક્ત નિરૂપણ જોવા મળતું. તેમના લખાણે પેઢીઓને અસર કરી છે અને આગળ પણ કરતી રહેશે.

## TSUNAMI ANNIVERSARY

આજની જ તારીખે વર્ષ 2004માં દક્ષિણ ભારતના કાંઠા પર આવેલા ત્સુનામીને આજે 20 વર્ષ પૂર્ણ થયા છે. આ ત્સુનામીમાં તમિલનાડુ અને પુડુચેરીમાં હજારો લોકોના મોત થયા હતા. 9.1ની તીવ્રતાવાળા ભૂકંપના કારણે આ ત્સુનામી ઇતિહાસમાં સૌથી વધુ ઘાતક કુદરતી આપત્તિઓમાંથી એક હતી.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. આવતીકાલે 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

# REV. CRICKET-IND-AUS

ક્રિકેટમાં, ઑસ્ટ્રેલિયાના મેલબર્ન ખાતે રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે 6 વિકેટે 311 રન નોંધાવ્યા છે.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બંને ટીમે પાંચ મેચની શ્રેણીમાં એક-એક મેચ જીતી છે. ભારતીય ટીમ તાજેતરની બોક્સિંગ

ડે ટેસ્ટમાં પ્રભાવી રહ્યું છે, જેમાં રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમે છેલ્લી ત્રણમાંથી બે મેચ જીતી હતી, જ્યારે એક મેચ ડ્રો થઈ હતી.

# JAIPUR - ACCIDENT

રાજસ્થાનના જયપુરમાં એલપીજી ટેન્કર વિસ્ફોટ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 19 થયો છે. ગત્ 20 ડિસેમ્બરે બનેલી આ દુર્ઘટનામાં 20 ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, આમાંથી 3 લોકોની હાલત અત્યંત નાજુક છે. જ્યારે આ બનાવ અંગે વધુ તપાસ ચાલી રહી છે.